તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૪૬ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૬, શનિવાર ; મહા વદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# વિકાસદર આઠ ટકા રહેવાનો અંદાજ

**આર્થિક સર્વે રજૂ : મોંઘવારી દર ૪થી ૪.૫ ટકા રહેવાનો અંદાજ મુકાયો : આર્થિક સ્થિરતાનો માહોલ હોવાથી નવી આશા જાગી : જીએસટી અને અન્ય સુધારા બિલ હાથ ધરાશે : અનાજના મામલામાં પણ સારા પગલાની અસર**

નવી દિલ્હી,તા. ૨૬

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આજે સંસદમાં વર્ષ ૨૦૧૫-૧૬નું આર્થિક સર્વે રજૂ કર્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું છે કે, વેપાર ખાધ ગયા વર્ષની સરખામણીમાં ઓછી થઈ છે. સાથે સાથે મોંઘવારીનો દર ચારથી ૪.૫ ટકા રહેવાનો અંદાજ છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, આર્થિક સ્થિરતાનો માહોલ છે જેથી આગામી બે વર્ષમાં વિકાસદર આઠ ટકા અથવા તો તેનાથી વધારે રહી શકે છે. મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સુધારના પરિણામ સ્વરુપે નવી આશા જાગી છે. જીએસટી અને અન્ય સુધારાઓને લઈને સરકાર આશાવાદી છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે, ભારતીય અર્થતંત્ર વિકાસના પથ ઉપર ઝડપથી આગળ વધી રહ્યું છે. કારણ કે, મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સુધાર છે. મહેસુલી મોરચા પર સાવધાનીપૂર્વકના પગલા લેવામાં આવ્યા છે. જેટલીએ આજે સંસદમાં રજૂ કરેલા આર્થિક સર્વેમાં કહેવામાં આવ્યું છે કે, કિંમતોના મોરચા પર નરમીની સ્થિતિ છે. દેશમાં બહારના ચાલુ ખાતાના સંતોષજનક સ્તરને જોતા આગામી બે વર્ષમાં વિકાસ દર આઠ ટકાથી વધારે રહી શકે છે. આર્થિક સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે, સરકાર સુધારા પ્રક્રિયાને આગળ વધારવા માટે કટિબદ્ધ છે. આ પ્રકારના તીવ્ર વિકાસ માટે જે વર્તમાન સ્થિતિ છે તેમાં આર્થિક સ્થિરતા સહાયક સાબિત થઈ શકે છે. આર્થિક સમીક્ષામાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન આર્થિક વિકાસ દર ૭-૭.૫ ટકા રહેવાનો અંદાજ મુકાયો છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં ૭.૨ અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૭.૬ ટકાનો આર્થિક વિકાસ દર હાંસલ કરી લીધા બાદ સાત ટકાથી વધારેનો વિકાસ દર સાથે ભારત સૌથી ઝડપી વિકાસ કરનાર અર્થતંત્ર તરીકે છે. ચીન હાલમાં ફરીથી સંતુલન સ્થિતિ મેળવવાના પ્રયાસમાં છે. વિકાસના મોરચા પર ભારતમાં તેજી જોવા મળી

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-પાક વચ્ચે આજે ટ્વેન્ટી જંગ

**એશિયા કપમાં ભારતીય ટીમ પ્રભુત્વ જાળવી રાખવા માટે મેદાનમાં ઉતરશે : ધોનીના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયાના સ્ટાર ખેલાડીની બેટિંગ પર નજર : શાહીદ આફ્રિદી ભારતીય બેટિંગ લાઈનની કમર તોડવા વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત**

મીરપુર,તા. ૨૬

કરોડો ક્રિકેટ પ્રેમી જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે એશિયા કપ ક્રિકેટમાં આવતીકાલે પરંપરાગત હરીફ ભારત-અને પાકિસ્તાન વચ્ચે ટ્વેન્ટી-૨૦ જંગ



ખેલાનાર છે. આ મેચને લઈને ભારે રોમાંચકતા પ્રવર્તી રહી છે. મીરપુર ખાતે રમાનારી આ મેચની તમામ ટિકિટો વેચાઈ ચુકી છે. છેલ્લે ૨૦૦૭માં બંને ટીમો વચ્ચે ૨૦૦૭માં ટ્વેન્ટી ક્રિકેટની મેચ રમાઈ હતી. નવ વર્ષના લાંબા ગાળા બાદ ભારત અને પાકિસ્તાન ટ્વેન્ટી ક્રિકેટમાં આમને સામને આવી રહ્યા છે. બંને દેશો વચ્ચે ટ્વેન્ટી ક્રિકેટના આંકડા પર નજર કરવામાં આવે તો ભારતનો હાથ ઉંચો રહ્યો છે. ભારતે પાંચ અને પાકિસ્તાને એક ટ્વેન્ટી મેચ જીતી છે. શેરેબાંગ્લા નેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આવતીકાલે આ મેચ રમાનાર છે. હાઈ પ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ આ મેચ એશિયા કપની ફાઈનલ સમાન બની રહે તેમ માનવામાં આવે છે. બંને ટીમો પ્રતિષ્ઠા જાળવવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. એક બાજુ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ ધરખમ દેખાવ કરવા

● અનુસંધાન પાન-૭ પર

## રોહિત મામલે સ્મૃતિ-માયાવતી વચ્ચે જોરદાર આક્ષેપબાજી

**સ્મૃતિ ઇરાની હવે વચનો પાળીને કામ કરે : માયાવતીની માંગ : દેવી દુર્ગાના નિવેદન બાદ સ્મૃતિ પાસેથી માફીની કોંગ્રેસ-અન્ય પાર્ટી દ્વારા માંગણી કરાઈ**



નવી દિલ્હી,તા. ૨૬

રોહિત વેમુલા આત્મહત્યા મામલે આજે રાજ્યસભામાં બસપના નેતા માયાવતી અને શિક્ષણ પ્રધાન સ્મૃતિ ઈરાની વચ્ચે જોરદાર સામસામે આક્ષેપબાજી થઈ હતી. માયાવતીએ સ્મૃતિ ઈરાનીને ઘેરવાના પ્રયાસમાં કહ્યુ હતુ કે તેઓ કેન્દ્રિય પ્રધાન સ્મૃતિના જવાબથી સંતુષ્ટ નથી. હવે શું તમે તમારા વચનને પાળશો. આ પ્રશ્નના જવાબમાં સ્મૃતિએ કહ્યુ હતુ કે તેઓ આપના કાર્યકરોને કહ્યુ છે કે આવીને માથુ કાપીને લઈ જાય. રાજ્યસભામાં માયાવતીએ કહ્યું હતું કે, રોહિત મામલામાં સરકાર મૌન છે. આ કેસમાં રચાયેલી એક કમિટિમાં એક પણ દલિત સામેલ નથી. તેઓ જવાબથી સંતુષ્ટ નથી. હવે માથુ કાપીને વચન અદા કરશો. માયાવતીએ પોતાના

● અનુસંધાન પાન-૭ પર

### ફટાફટ ન્યુઝ

- ઇશરત આતંકવાદી હોવાની વાત છુપાવાઇ હતી : ગૃહ સચિવ પિલ્લાઇનો દાવો
- ફુડ સબસિડી માટે ૧.૪૦ લાખ કરોડની મંત્રાલય દ્વારા માંગણી
- ત્રીજી માર્ચના દિવસે ઓપન માર્કેટ ઓપરેશન મારફતે જંગી નાણા ઠલવાશે
- ફ્લિપકાર્ટ માર્કેટ હિસ્સેદારીને વધારવામાં સફળ
- હાલ ૪.૫ લાખ ગેરકાયદે ભારતીય પ્રવાસી : અમેરિકા
- યાત્રી મહિલા પાઈલોટ પર ખુબ ઓછો વિશ્વાસ કરે છે : સર્વે
- કૃષિના ક્ષેત્રની ઉત્પાદકતાને વધારવા પ્રયાસો જરૂરી : સર્વે
- જેએનયુ મામલે કનૈયા, ખાલિદની પાંચ કલાક પુછપરછ કરાઈ

## પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંઘની ગાંધીનગર મુલાકાત અચાનક રદ

**સુરક્ષાના કારણોસર રદ કરાયાની ચર્ચા : ગાંધીનગરમાં શંકરસિંહ વાઘેલાની શૈક્ષણિક સંસ્થા ખાતે લેક્ચર લેવા માટે મનમોહનસિંહ આવનાર હતા**

અમદાવાદ,તા. ૨૬

ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના ગુજરાત પ્રવાસને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સુરક્ષાના કારણોસર પ્રવાસ રદ કરાયો હોવાની ચર્ચા ચાલી રહી છે. આ અંગે સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (એસપીજી) દ્વારા સુરક્ષાના કારણોસર આ પ્રવાસ રદ કરાયો હોવાની જાહેરાત કરવામાં આળી છે. ડો. મનમોહનસિંહ ૨૭મી ફેબ્રુઆરીએ ગુજરાતની એક દિવસની મુલાકાતે આવવાના હતા પરંતુ હાલ પુરતો આ પ્રવાસ રદ કરવામાં આવ્યો છે. ડો. મનમોહન સિંહ ગાંધીનગરમાં આવેલા શંકરસિંહ વાઘેલાની શૈક્ષણિક સંસ્થામાં લેક્ચર લેવા માટે આવવાના હતા. ગુજરાતના નેતાઓ સાથે ડો. મનમોહનસિંહ દેશની સાંપ્રત રાજકીય અને આર્થિક સ્થિતિ પર કોંગ્રેસની ભૂમિકા અને દ્રષ્ટિકોણ વિશે વાર્તાલાપ કરવાના હતા.

ડો. મનમોહનસિંહનો કાર્યક્રમ રદ થતાં જ ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કહ્યું કે, એસપીજી (સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ)ની ઘણી બધી શરતો માન્યા પછી પણ પ્રોગ્રામની છેલ્લી ઘડીએ આટલા આમંત્રણો અપાઈ ગયા, ખર્ચ, તૈયારીઓ બાદ છેલ્લી ઘડીએ ના પાડવામાં આવે તો તેમાં વડાપ્રધાનની ઓફિસ જેના નીચે એસપીજી કાર્યરત હોય છે. તેઓએ કાંઈક બ્રેક મારી હોય તેવું લાગે છે.

અમિત શાહના કાર્યક્રમો ડો. મનમોહનસિંહના કાર્યક્રમ આગળ વધુ લોકપ્રિયતા ધરાવે છે તેથી ભાજપે જાણી જોઈને એસપીજીના ખભે આ કાવતરું રચ્યું છે.


॥ શ્રી ગણેશાય નમઃ ॥

હોટલ ધ ગ્રાન્ડ મિડવે

● રેસ્ટોરન્ટ ● બેન્કેવટ હોલ ● રૂમ ●

ગાંધીનગરમાં સૌપ્રથમ વાર ૧૦ મે માળ રિસોર્ટ, રજવાડી અને સ્કાય લુક કુદરતી વાતાવરણમાં સ્વાદિષ્ટ ભોજનનો લાભ લેવા ગાંધીનગરના સર્વે નગરજનોને અમારુ આમંત્રણ છે.

સ્પે. ઓફર ૧૫% ડિસ્કાઉન્ટ

સ્વાદિષ્ઠ ભોજન
- પંજાબી
- ચાઇનીઝ
- સાઉથ ઇન્ડીયન
- કાઠીયાવાડી
- ગુજરાતી

સ્પેશ્યીલીસ્ટ
- બર્થ ડે પાર્ટી
- રીંગ સેરેમની
- મેરેજ હોલ
- મીટીંગ હોલ
- કોન્ફરન્સ મીટીંગ
- આઉટડોર કેટરીંગ

સુમન સીટી, સીને મેક્સ થીયેટરની ઉપર, ૧૦ મો માળ, સેક્ટર -૧૧, ગાંધીનગર
(મો) 99793 59233, 99254 49233
(ફોન) 079 232 22282/84
લીફ્ટની સંપૂર્ણ વ્યવસ્થા છે.



